વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓ પણ વિક્સે અને એ શક્તિઓ કેળવણીના માધ્યમથી બહાર આવે સહેતુક પ્રયત્નો રૂપે કરવામાં આવતી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓની આ રહી ઝલક...

**(૧) રાષ્ટ્રીય સેવા યોજના () સામુદાયિક સેવા ધારા**

વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારીની ભાવના વિકસે અને રાષ્ટ્રીય ભાવના કેળવાય તેવા શુભ આશયથી સાક્ષર અભિયાન, સામુદાયિક સ્વચ્છતા અભિયાન, આરોગ્ય જાળવણી, સ્ત્રી સશક્તિકરણ જેવા અનેકવિધ કાર્યક્રમો યોજાય છે. જેમા પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીઓમાં જાગૃતિની ભાવના કેળવાય છે. પરંતુ સાથે સાથે સામાજિક જાગૃતિનું મહત્વપૂર્ણ કાર્ય થાય છે.

**(૨) શારીરિક શિક્ષણ વિભાગ-વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા**

વિદ્યાર્થીઓમાં શારીરિક અને માનસિક વિકાસ માત્ર મનથી જ નહીં પરંતુ તનથી પણ મનબૂત નાગરિક સમાજને મળે એ ઉદ્દેશ્ય પાર પાડતી અમારી રમત ગમત પ્રવૃત્તિ પણ પૂરા ખંત અને ઉત્સાહથી ચલાવાય છે. કોલેજમાં દર વર્ષે યુનિ. કક્ષાની કોઈ એક સ્પર્ધાનું યજમાન પદ કોલેજ સ્વીકારે છે. એટલું જ નહી યુનિ. તરફથી યોજાતી સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને અન્ય કોલેજમાં પણ મોકલવામાં આવે છે.

**(૩) સાંસ્કૃતિક પ્રવૃત્તિ**

(સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા, કલા-સંગીત-નૃત્ય ધારા-નાટ્યધારા)

વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક કલા બહાર આવે અને સમાજોપયોગી અને એવા ઉદ્દેશ્યથી કોલેજમાં વર્ષ દરમ્યાન જુદી જુદી રચનાત્મક-પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. નૃત્ય, ગીત, સંગીત,વાદ્ય, માઈમ, નાટક, એકપાત્રિય અભિનય, રંગોલી, રાસ-ગરબા, પેરોડી જેવા અનેકવિધ કાર્યક્રમો યોજાય છે. જે સંસ્કૃતિને અનુરુપ રીતે સંસ્કાર સિંચનનું કામ પણ કરે છે.

**(૪) યુવા કલ્યાણ**

વિદ્યાર્થીઓ સાંપ્રત પ્રવાહો તેમજ સામાજિક, આર્થિક, રાજકીય તથા ઐતિહાસિક બાબતોના સતત જાણકાર રહે તેવા ઉમદા હેતુથી કોલેજમાં કોલેજ અને યુનિ. કક્ષાની શિબિરો અને વ્યખ્યાન માળાઓનું વર્ષ દરમ્યાન આયોજન કરવામાં આવે છે. યુનિ.ની કોલેજમાં યોજાતી આ પ્રકારની શિબિરમાં અને વ્યખ્યાનમાળામાં વિદ્યાર્થી હાજર રહી પ્રેરણા મેળવી શકે એ માટે તેને અન્ય કોલેજમાં પણ મોકલવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ રસાથી ભાગ લે છે.

**(૫) પર્યાવરણ અને આપત્તિ વ્યવસ્થાપન**

ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણની ભાવના વિકસે અને કુદરતી તથા માનવસર્જિત આફતોમાં કેવા સાવચેતીના પગલાં ભરાય તેનો ખ્યાલ આપતો એક અલગ અભ્યાસક્રમ અમારે ત્યાં ચલાવાય છે.



## કોલેજની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક









**શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત**

# સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કોલેજ, કડી

**NAAC રી-એક્રિડીટેડ 'B' ગ્રેડ**

**(C.G.P.A. - 2.44)**

**UGC કોલેજ વિથ પોટેન્શીયલ ફોર એક્સેલેન્સ (CPE) XII પ્લાન**

**&**

**B.Voc. Courses (UGC-New Delhi-2020)**

**Estd. 1963**

**CNBD**

C.N.ARTS & B.D. COMMERCE COLLEGE



**: સંપર્ક :**

**સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કોલેજ**

પેટ્રોલ પંપની સામે, કડી-કલોલ હાઈવે, કડી-૩૮૨૭૧૫

(ઉ.ગુ.) જિ. મહેસાણા. ફોન-ફેક્સ : ૦૨૭૬૪-૨૬૨૬૮૬

ઈ-મેલ : cnbdcollegekadi@gmail.com

વેબસાઈટ : www.cnbdcollegekadi.org

## આ કોલેજમાં ચાલતા મુખ્ય વિષયો :

### : વિનયન વિભાગ : (Arts Section)

ધોરણ-૧૨ પાસ કર્યા બાદ કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ભાઈ-બહેનોએ કોલેજમાં શીખવાતા વિષયો પૈકીમાંથી કોઈ એક વિષય મુખ્ય વિષય તરીકે પસંદ કરવાનો હોય છે.એજ રીતે એક વિષય પ્રથમ ગૌણ અને એક વિષય દ્વિતીય ગૌણ તરીકે પસંદ કરવાનો હોય છે. પ્રથમ વર્ષમાં વિદ્યાર્થીએ કુલ સાત પ્રશ્નપત્રોનો અભ્યાસ કરવાનો હોય છે.

**મુખ્ય વિષય :** અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન (જેમાંથી કોઈપણ એક વિષય મુખ્ય વિષય તરીકે પસંદ કરવો.)

**પ્રથમ ગૌણ :** સંસ્કૃત, મનોવિજ્ઞાન (જેમાંથી કોઈપણ એક વિષય પ્રથમ ગૌણ વિષય તરીકે પસંદ કરવો.)

**દ્વિતીય ગૌણ :** અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી (જેમાંથી કોઈપણ એક વિષય દ્વિતીય ગૌણ વિષય તરીકે પસંદ કરવો.)

### વાણિજ્ય વિભાગ : (Commerce Section)

ધોરણ-૧૨ માં કોમર્સ સાથે પાસ થનાર કોઈપણ વિદ્યાર્થી ભાઈ-બહેન મેરીટ મુજબ આ વિભાગમાં પ્રવેશ મેળવવા હક્કદાર બનશે.

### વાણિજ્ય વિદ્યાશાખામાં ચાલતા વિષયો :

**અંગ્રેજી (ફરજિયાત) ( ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)**
માનવ સંસાધન સંચાલન, ધંધાકીય અર્થશાસ્ત્ર,
ઉચ્ચતર નામા પદ્ધતિ, ઉદ્યોગ સાહસિકતા

| મુખ્ય વિષય | ગૌણ વિષય |
|---|---|
| નાણાંકીય નામા પદ્ધતિ | સેક્રેટેરીયલ પ્રેક્ટીસ/કોમ્પ્યુટર |

- Eligibility Criteria :- 10+2 (Any Board)
- Courses : Career Oriented Programmers - (UGC-XII Plan) COP.
- Diploma in Journalism Communication
- Diploma in Foreign Trade
- Diploma in Human Rights
- Diploma in Banking & Insuarance
- Coureses - Under College with potential for excellence (UGC XII Plan) CPE
- Certificate in Event Management
- Certificate in Financial Management
- Certificate in Performing Arts
- Certificate in Basic & Advance Communication Skills
- Certificate in Corporate Communication
- Certificate in Logistics and Shipping
- DTP
- Basic Hardware & Networking Course
- Basic Computing Skill & Operating System

### ● B.Voc અંતર્ગત ચાલતા અભ્યાસક્રમો :

**સર્ટીફીકેટ / ડિપ્લોમાં / એડવાન્સ ડિપ્લોમાં / ડીગ્રી કોર્સ**

- લોજીસ્ટીક એન્ડ શીપીંગ મેનેજમેન્ટ
- આન્ત્રીન્યોરશીપ એન્ડ સ્મોલ બીઝનેશ મેનેજમેન્ટ
- ડીજીટલ માર્કેટીંગ
- બેન્કિગ એન્ડ ઈન્સ્યોરન્સ

### : ફીનું ધોરણ :

**સેમેસ્ટર (ઉ.ગુ.યુનિ.ના અને સકરકારશ્રીના ધારા ધોરણ મુજબ)**

- આર્ટ્સ કોલેજમાં મુખ્ય વિષય તરીકે અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન વિષય ન લેનાર બહેનોના પ્રવેશ કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિથી આપાવામાં આવશે.
- પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીએ ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલા ઉચ્ચતર માધ્યમિક શાળાંત અથવા યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા રદ કરેલી હોવી જોઈએ.
- પ્રથમ વર્ષ બી.કોમ.માં પ્રવેશ મેળવવા માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા (વાણિજ્ય પ્રવાહ) કે યુનિવર્સિટી તેની સમકક્ષ ગણેલી પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ જે સ્ટ્રીમના વિષયો હોય તે વિષયમાં જ પ્રવેશ આપી શકાશે.
- જે પ્રવેશાર્થીએ ઉ.મા. પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરી હશે તે પ્રવેશાર્થી ને જે તે વિદ્યાશાખા માં પ્રવેશ મળશે.
- આર્ટ્સ અને કોમર્સમાં પ્રથમ વર્ષના પ્રવેશ માટે સરકારશ્રીના નિયમો પ્રમાણે અનામત બેઠકો રાખવામાં આવશે.

**:વિષય પસંદગી અંગે :**

- વિદ્યાર્થીને જે વિષય સાથે પ્રવેશ અપાયો હોય તે વિષય બદલી શકાશે નહીં. કોઈ વિદ્યાર્થી જાતે વિષયોમાં ફેરફાર કરશે તો તેનું સત્ર નામંજૂર થશે અને યુનિ. ની પરીક્ષામાં બેસી શકશે નહીં.
- આ કોલેજમાં શીખવાતા વિષયો અંગેની સંપૂર્ણ માહિતી પ્રવેશ ફોર્મની પાછળ આપેલી છે.
- ઓછા ગુણથી ઉ.મા. શિક્ષણ પરીક્ષા પાસ કરનારને જે વિષયમાં જગ્યા હશે તે વિષયમાં જ પ્રવેશ મળશે.

**: સામાન્ય નિયમો :**

(૧) કોલેજના શિસ્ત અંગેના બધા નિયમોનું પાલન કરવું દરેકવિદ્યાર્થી માટે ફરજીયાત છે. ગેર શિસ્ત આચરનારનો પ્રવેશ રદ કરવામાં આવશે.
(૨) સંસ્થાની ગરિમા સચવાય તેને અનુરૂપ વર્તવાની વિદ્યાર્થીની ફરજ બની રહેશે.
(૩) કોલેજના વિદ્યાર્થીઓને આપવાની બધી સૂચનાઓ નોટિસ બોર્ડ ઉપર મુકવામાં આવે છે. નોટિસ બોર્ડ ન વાંચવાને કારણે થતા નુકશાનની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.
(૪) સેમેસ્ટર દરમ્યાન આંતરીક પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષામાં ન બેસનાર અથવા બેસવા છતાં ત્રણ કરતાં વધુ વિષયોમાં એકંદરે ૩૬ ટકા કરતાં ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીને યુનિવર્સિટી નિયમ મુજબ યુનિવર્સિટી પરિક્ષામાં બેસી શકશે નહીં. પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતી કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે.
(૫) તમાકુ કે કોઈપણ પ્રકારના મસાલા, ગુટખા, કેફી પદાર્થનું સેવન કરવું કે કોલેજ કેમ્પસમાં મોબાઈલ રાખવો પ્રતિબંધ છે. લાવનાર શિક્ષાને પાત્ર છે.
(૬) જે વિદ્યાર્થી વાહન લઈને આવે છે તેમણે નિયત જગ્યાએ નિયત ફી ભરીને પાર્કિંગ કાર્ડ લઈને તેમના વાહન પાર્ક કરવાના રહેશે.
(૭) દરેક વિદ્યાર્થીએ ફરજીયાત કોલેજ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

**- સરકારશ્રીના સ્કોલરશીપ યોજના**

સરકારશ્રીની સ્કોલરશીપ યોજનાનો લાભ એસ.સી. - એસ.ટી., બક્ષીપંચ તથા વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને મળે છે. અપંગ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને પણ સરકારશ્રી તરફથી સ્કોલરશીપ લાભ મળે છે. સ્કોલરશીપનો લાભ લેવા માટે કોલેજમાંથી ફોર્મ મેળવી સમયસર પરત કરવું પડશે.

**- ગરીબ વિદ્યાર્થી પુસ્તક યોજના**

ત્રણ વર્ષના અભ્યાસ કાળ દરમ્યાન કોલેજ લાયબ્રેરીમાંથી પુસ્તકની કિંમતના ૨૦ ટકા ઘસારા ફી પેટે લઈને ગરીબ વિદ્યાર્થીઓને સંદર્ભગ્રંથો પૂરા પાડવામાં આવે છે.

**- વાચક ટિકિટ પર મળતાં પુસ્તકો**

આ ઉપરાંત માત્ર રૂા. ૫૦.૦૦ જેટલી ડિપોઝીટ લઈને વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને બે વાચક ટિકિટ આપવામાં આવે છે. જેના પર વિદ્યાર્થી વર્ષ દરમ્યાન વારાફરતી કોઈપણ બે સંદર્ભ ગ્રંથો મેળવી અભ્યાસમાં ઉપયોગ લઈ શકે છે. અભ્યાસપૂર્ણ થયે પુસ્તક પરત કર્યા બાદ ડિપોઝીટની રકમ વિદ્યાર્થીઓને પરત કરવામાં આવે છે.

### રાષ્ટ્રીય પર્વ અને પ્રેરક પર્વ ઉજવણી

**- વિશિષ્ટ દિવસોની વિશિષ્ટ ઉજવણી :**

વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓની વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓથી ધમધમતી અમારી કોલેજમાં વિશિષ્ટ દિવસોની ઉજવણી પણ કરવામાં આવે છે. સમાજ અને ખાસ કરીને આજનો યુવા વર્ગ પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણમાં રત છે. ત્યારે સંસ્કૃતિ અને સંસ્કારની યાદ અપાવતા બાળદિન, શિક્ષકદિન, ગાંધી જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.

આ ઉપરાંત પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને આવકારીને કોલેજમાં એમની માન સન્માનની ભાવના કેળવવામાં આવે છે. વર્ષ દરમ્યાન ચાલતી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં પ્રસંસનીય પ્રદાન આપેલ હોય તેવા તેજસ્વી તથા અભ્યાસમાં જેમણે પ્રથમ વર્ગ મેળવેલ હોય તેવા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને મેડલ, રોકડ રકમ તથા પ્રોત્સાહિક ઈનામથી સન્માનિત કરવામાં આવે છે.

સમાજમાં સ્ત્રી પુરુષ સમાનતા કેળવાય સુસંવાદિતા કેળવાય. એવા સ્ત્રીશશક્તિકરણના અનેકવિધ કાર્યક્રમોની કોલેજમાં જાણકારી આપવામા આવે છે. સ્ત્રી અત્યાચાર અને જુદી જુદી રીતે સ્ત્રીશોષણની થતી પ્રવૃત્તિ પર અંકુશ મુકવાના ઉદ્દેશ્યથી અમારી કોલેજમાં (વિમેન શેલ) ની સ્થાપના પણ કરવામાં આવી છે.

**- એન.સી.સી. (સામુદાયિક સેવા ધારા) સિનિયર આર્મીવીંગ**

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના કેળવાય, દેશ અને સમાજ માટે કંઈક કરી છૂટવાની તમન્ના કેળવાય, વિદ્યાર્થીઓ પોતાની સ્વસુરક્ષાની સાથે સાથે સમાજ માટે સજ્જ થાય તેવા અનેકવિધ રચનાત્મક વિચારોને સાકારરૂપ મળે એવી એન.સી.સી. ની સુંદર પ્રવૃત્તિ પણ અમારી કોલેજમાં ચાલે છે. વિદ્યાર્થીઓની એક બટાલીયન પણ ઉભી કરવામાં આવી છે. જે સરકારશ્રીના ક્રાંતકારી પગલાંને અમારી કોલેજે સ્વીકારી એક નવો રાહ ચીંધ્યો છે. વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિમાં જોડાઈને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા એ પોતાની વિશિષ્ટ યોગ્યતાને સાબિત કરી છે.

**- સંસ્થામાં વિદ્યાર્થી વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ**

કેળવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને બૌદ્ધિક, સામાજિક સાથે આર્થિક વિકાસને વેગ આપવાનો હોય છે. ભણવાની સાથે સાથે